Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી
# આત્માનંદ પ્રકાશ

"જેમનું સ્મરણ અને નમન પ્રાણીઓના પાપના સમૂહને નાશ કરનારૂં, કર્મ રાશિના પ્રબળ વેગને શમાવનારૂં, કલ્યાણ કરનારૂં, આ સંસારરૂપ સમુદ્રને તરવામાં નાવરૂપ અને મોક્ષના માર્ગને દર્શાવનારૂં, તે શાંતિધારી તીર્થંકર ભગવંતોને નમસ્કાર છે."

*


પુસ્તક : ૮૭ વૈશાખ આત્મ સંવત ૯૪
અંક : ૭ મે વીર સંવત ૨૫૧૫
૧૯૯૦ વિક્રમ સંવત ૨૦૪૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સામાન્ય જિન સ્તવન | — | ૯૩ |
| (૨) | જીવનનું અમૃત : આલોચના | લેખક : પ૦ પૂ૦ આ. શ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી મહારાજ સાહેબ<br>અનુવાદક : ડો. કુમાળપાળ દેસાઇ | ૯૪ |
| (૩) | ઉત્તરાધ્યયન સૂત્રમા શ્રમણાચાર | મુળ લેખિકા : શ્રીમતી આશા જૈન રાજગીર<br>અનુવાદક : કે. જે. દોશી | ૯૯ |
| (૪) | નવકારનો અપાર ઉપકાર | પ. પૂ. મુનિરાજ શ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ | ૧૦૧ |
| (૫) | સંસાર અને મુક્તિ | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૦૪ |
| (૬) | પુનર્જન્મ | રતિલાલ માણેકચંદ શાહ | ૧૦૮ |
| (૭) | સમાચાર | | ટાઇટલ પેજ ૩ |


# અખિલ ભારતીય જૈન પત્રકાર પરિષદનું પ્રથમ અધિવેશન

સને ૧૯૯૦ના જૂન માસની તા. ૧૫-૧૬-૧૭ ના ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લાના ધોળકા મુકામે કલિકુંડ તીર્થે અખિલ ભારતીય જૈન પત્રકાર પરિષદનું પ્રથમ અધિવેશન ભરાવાનું છે. તેનું અમો ખરા દિલથી સ્વાગત કરીએ છીએ અને તેની સફળતા ઇચ્છીએ છીએ આ અધિવેશનથી જૈન પત્રકારોની વધારે ઉન્નતિ થાય અને જૈન ધર્મ તેમજ જૈન સમાજની વધારે સેવા થાય તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

આ અધિવેશનનું યજમાનપદ સ્વિકારનાર શ્રી કલિકુંડ તીર્થના સંચાલકોને ધન્યવાદ આપીને આભારની લાગણી વ્યકત કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

અભેદ ભાવથી પૂર્ણ પાંચે પરમેષ્ઠિ ભગવંતોને કરેલો નમસ્કાર ભેદભાવરૂપી પાપનો નાશ કરે છે અને સર્વ મંગળોમાં પ્રધાન એવા અભેદભાવરૂપી મંગળને લાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.


## સામાન્ય જિન સ્તવન

મનમાં આવજો રે નાથ, હું થયો આજ સનાથ, મનમાં.

જય જિનેશ નિરંજણો, ભંજણો ભવદુઃખ રાશ,
રંજણો સવિ ભવિ ચિત્તનો, મંજણો પાપનો પાશ, મનમાં. ૧

આદિ બ્રહ્મ અનુપમ તું, અબ્રહ્મ કીધાં દૂર,
ભવ ભ્રમ સવિ ભાંજી ગયા, તુંહી ચિદાનંદ સનૂર, મનમાં. ૨

વીતરાગ ભાવ ન આવહી, જીહાં લગી મુજને દેવ,
તીહાં લગે તુમપદ કમળની, સેવના રહેજો એ ટેવ, મનમાં. ૩

યદ્યપિ તુમે અતુલબલી, યશવાદ એમ કહાય,
પણ કબજે આવ્યા મુજ મને, તે સહજથી ન જવાય, મનમાં. ૪

મન મનાવ્યા વિણ માહરૂં, કેમ બંધનથી છુટાય,
મનવાંછિત દેતાં થકાં કાંઈ, પાલવડો ન ઝલાય, મનમાં. ૫

હઠ બાલનો હોય આકરો, તે લહો છો જિનરાજ,
ઝાઝું કહાવે શું હોવે, ગિરૂઆ ગરીબ નિવાજ, મનમાં. ૬

જ્ઞાનવિમલ ગુણથી લહો, સવિ ભવિક મનનાં ભાવ,
તો અક્ષયસુખ લીલા દીઓ, જીમ હોવે સુજશ જમાવ, મનમાં. ૭

o — o

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 જીવનનું અમૃત : આલોચના 卐

: મૂળ લેખક :
પ. પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા.

: અનુવાદક :
ડૉ. કુમારપાળ દેસાઈ

માખણમાંથી કચરો અને મેલ જુદા પાડવા માટે વાસણને અગ્નિ પર રાખીને તપાવવામાં આવે છે. એ તપાવવામાં આવેલાં વાસણની ગરમી જ્યારે માખણને લાગે છે ત્યારે તે પીગળવા માંડે છે. આ રીતે ચૈતન્યગુણસમ્પન્ન આત્મામાંથી કર્મ અને રાગદ્વેષ વગેરે મેલ અને કચરો જુદો પાડીને આત્મબળને પ્રગટ કરવા માટે શરીરરૂપી વાસણને અનશન વગેરે બાહ્યતપની ગરમીથી તપાવવામાં આવે છે. પરંતુ આ આંચ પ્રબળ ન હોય તો આત્મબળરૂપી ઘી, પ્રાપ્ત નથી થતું કે નથી કર્મોનો મેલ અલગ થતો. આ આંચને પ્રખર–પ્રબળ કરવા માટે આભ્યન્તર તપરૂપી હવાની જરૂર છે, તો જ અંદર અને બહારથી મેલ નીકળશે અને આત્મબળરૂપી શુદ્ધ ઘી પ્રાપ્ત થશે.

લોટાને માંજનાર એને માત્ર ફક્ત ઉપર–ઉપરથી જ ઘસતો રહે અને ફક્ત બહારના ભાગને જ ચમકતો રાખે તો તેની સફાઈ અધૂરી રહેશે. લોટાની અંદર જામેલા મેલ અને ગંદકી ઘસીને કાઢવાની જરૂર હોય છે. એજ રીતે જીવનરૂપી લોટાના બહારના ભાગને બાહ્ય–તપ દ્વારા જ ઘસતાં રહીએ તે પૂરતું નથી, તેની પૂરેપૂરી સફાઈ માટે આભ્યન્તર–તપ દ્વારા અંદરથી પણ ઘસીને સાફ કરવાની અને કર્મમેલ દૂર કરવાની જરૂર છે. આથી આભ્યન્તર–તપ જીવન ઉપર લાગી ગયેલાં આંતરિક કર્મ–મેલને દૂર કરે છે.

## આભ્યન્તર તપના ભેદ

આંતરિક કર્મમલને દૂર કરવાની દૃષ્ટિએ છ મુખ્ય સાધન હોવાથી આભ્યન્તર તપના ૬ ભેદ પાડવામાં આવ્યા છે ને નીચેની ગાથામાં બતાવ્યું છે;

''पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ।
झाणं विउसग्गोविय अब्भिंतरओ तवो होइ॥''

''આભ્યન્તર તપ (૧) પ્રાયશ્ચિત્ત (૨) વિનય (૩) વૈયા-વૃત્ય (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન અને (૬) વ્યુત્સર્ગ એમ છ પ્રકારનું હોય છે.

સોનાને જેમ શુદ્ધ કરવા અને ઘડવા માટે તેને કસોટી પર ઘસવામાં આવે છે, કાપવામાં આવે છે, અગ્નિ પર તપાવવામાં આવે છે અને હથોડાથી ટીપવામાં આવે છે, તે જ રીતે જીવનની શુદ્ધિ અને ઘડતર માટે પ્રાયશ્ચિત દ્વારા તેના પર શસ્ત્રક્રિયા કરીને જીવનના સડેલા ભાગને દૂર કરવામાં આવે છે, વિનય દ્વારા તેની ઉપર સદ્‌ગુણરૂપી શુદ્ધ ઢોળ ચડાવવામાં આવે છે. વૈયાવૃત્ય દ્વારા તેને આત્મ સ્વભાવની કસોટી પર મૂકવામાં આવે છે, ધ્યાનરૂપી અગ્નિમાં તેને તપાવવામાં આવે છે. સ્વાધ્યાયરૂપી વાયુ દ્વારા તેના પર લાગેલો કચરો દૂર કરવામાં આવે છે અને વ્યુત્સર્ગરૂપી કાતરથી તેમાં આત્મગુણ અને પરગુણોને અથવા તો શરીર અને આત્માને જુદા પાડવામાં આવે છે. આ રીતે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવનને શુદ્ધ, સુંદર અને સર્વગુણ સંપન્ન બનાવવા માટે આ છ તપની આવશ્યકતા છે. હવે ક્રમશ: એક પછી એક તપને વિચાર કરીએ.

## પ્રાયશ્ચિતનો અર્થ

આભ્યન્તર તપનું પ્રથમ અંગ છે પ્રાયશ્ચિત પ્રાકૃત ભાષાના पायच्छित्त શબ્દનો સંસ્કૃતમાં 'पापच्छिन्न' શબ્દ પણ બને છે. 'पापं छिनत्तीति पापच्छित्त' એટલે કે પાપનું છેદન કરે તે પ્રાયશ્ચિત્ત, એક અન્ય જૈન આચાર્યે તેનો અર્થ આ પ્રમાણે કર્યો છે— "प्रायः पापं विजानीयात चित्तं तस्य विशोधनम्।"

પ્રાય: નો અર્થ પાપ થાય અને ચિત્ત તેનું શોધન છે. જે ક્રિયાથી પાપોની શુદ્ધિ થાય તે પ્રાયશ્ચિત કહેવાય. એક બીજા આચાર્યએ આમ પણ અર્થ કર્યો છે—

प्रायो नाम तपः प्रोक्तं चित्तं मानसमुच्यते।
तपो मानसशुद्ध्यर्थं प्रायश्चित्तमितीर्यते॥"

"પ્રાય: તપને કહેવાય અને 'ચિત્ત' માનસને કહેવાય. આથી માનસ (અંતર)ની શુદ્ધિ માટે જે તપ કરવામાં આવે તે પ્રાયશ્ચિત કહેવાય,

પ્રાયશ્ચિત તપ પાપરૂપી મેલને ધોવા માટે અને આત્મા ઉપર લાગેલાં પાપના ઘા ને સાફ કરવા માટે છે. તે એક સર્જનની જેમ આત્મા પર થયેલા પાપ—વાસનાના ઝેરી ફોલ્લાંને તપનું નશ્તર મારીને કાપે છે, ફોડે છે અને પરૂને સાફ કરીને ઘા ધોઇને તેના પર મલમપટ્ટો લગાડે છે.

પોતાના દ્વારા થયેલા અપરાધો અથવા દોષોની શુદ્ધિ, પ્રાયશ્ચિત—તપ દ્વારા પોતાના અપરાધોનું નિરીક્ષણ, પશ્ચાતાપ (આત્મનિંદા), ગર્હણા (ગુરુ અથવા સમાજ આગળ પ્રગટ કરવા) અને તેમાણે નિશ્ચિત કરેલા દંડના રૂપમાં ઉપવાસ આદિથી શુદ્ધિ થાય છે. આથી જ એમ કહેવાયું છે—

"अकुर्वन् विहितं कर्म,
निन्दितं समाचरन्।
प्रसक्तश्चेन्द्रियार्थेषु
प्रायश्चित्तीयते नरः॥"

"શાસ્ત્રવિહીત કર્તવ્યોને ન કરવામાં અને નિંદિત કર્મો કરવાને લીધે તેમજ ઇન્દ્રિયોના વિષયમાં આસકત થઈ જવાને લીધે મનુષ્યને પ્રાયશ્ચિત કરવું પડે છે."

## દોષનું પ્રમાણ

થર્મોમિટરથી તાવ માપ્યા પછી ઓછી કે વધારે ડીગ્રી હોય તે પ્રમાણે રોગીને દવા આપવામાં આવે છે. આ રીતે આલોચના (સ્વયં અથવા ગુરુ વગેરે સમક્ષ કરવામાં આવેલી) દ્વારા દોષને માપીને તથા તેની તપાસ કરીને, દોષોની માત્રા મુજબ પ્રાયશ્ચિત્તરૂપી ઔષધિ આપવામાં આવે છે. દોષોની માત્રાની તપાસ ચાર રીતે થાય છે— અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર.

લીધેલા વ્રતનો પ્રત્યાખ્યાન અથવા પ્રતિજ્ઞાનો ભંગ કરવો અથવા પોતાની ભૂમિકાની ધર્મ મર્યાદાને તોડવાનો ઇરાદો રાખવામાં આવ્યો હોય, અથવા ઉપરની મર્યાદાઓનું ઉલ્લંઘન કરવાનો સંકલ્પ કર્યો હોય અથવા તો મર્યાદા ભંગ કરનારી વ્યક્તિના કાર્યનું સમર્થન કર્યું હોય, તો ત્યાં અતિક્રમ નામનો દોષ થાય છે જયાં વ્રતાદિનો ભંગ કરવા અથવા મર્યાદા તોડવા માટે પ્રયત્નશીલ થવાયું હોય તો તે 'વ્યતિક્રમ દોષ' કહેવાય છે. જ્યાં વ્રત, પ્રતિજ્ઞા વગેરેના અથવા મર્યાદાનો ભંગ કરવા માટેની સામગ્રી એકઠી કરવામાં આવી હોય અથવા કેટલેક અંશે તેનો ભંગ કરવાનું પગલું ભરી લીધું હોય ત્યાં 'અતિચાર દોષ' કહેવાય છે. જ્યાં વ્રતાદિ અથવા ધર્મ મર્યાદાનો સંપૂર્ણપણે ભંગ થયો હોય કે કરવામાં આવ્યો હોય ત્યાં 'અનાચાર' નામનો દોષ મારવામાં આવે છે.

ધારો કે કોઈ વ્યક્તિએ પોતાની ભૂમિકા કે મર્યાદાને અનુરૂપ વ્રત, નિયમ કે કોઇ વસ્તુનો ત્યાગ કે પ્રત્યાખ્યાન ગ્રહણ કર્યું હોય પછી સંયોગવશ તેના મનમાં ત્યજેલી બાબતને મેળવવાની કે લેવાની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇચ્છા જાગી કે લીધેલા વ્રતને તોડવાનો વિચાર આવ્યો તો તે 'અતિક્રમ' થયો. પછી તે વસ્તુને મેળવવા માટે જે પગલું ભરે તે 'વ્યતિક્રમ' થાય. તેથી આગળ વધીને તે વસ્તુને મેળવીને પોતાની પાસે રાખી લે, પણ તેનો ઉપયોગ ન કરે તો તેને 'અતિચાર' કહેવાય. પણ જો આ વસ્તુ કામમાં લીધી, મુખમાં મૂકી દીધી, પરંતુ પ્રતિજ્ઞાનું તરત જ સ્મરણ થતાં થૂંકી દીધી કે ત્યાગ કર્યો, પણ પશ્ચાતાપ ન કર્યો, તો એ દોષ પણ 'અતિચાર'ની કોટિમાં જ આવે, પરંતુ વસ્તુને કામમાં લઇ લીધી કે ખાવાની વસ્તુ ગળાંની નીચે ઉતારી અથવા તો ખાઇ લીધી ત્યારે આ દોષ 'અનાચાર' કહેવાય.

## હા પસ્તાવો !

સમાજમાં જ્યારે કોઈ વ્યક્તિ મોહ, સ્વાર્થ, લોભ કે અભિમાન વશ થઇને સામાજિક મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે, અને તેનું પાલન કરતી નથી તો તેના પરિણામે અનેક અનિષ્ટ સમર્થ છે, અહીં પણ પ્રાયશ્ચિત–તપ ગુનેગાર વ્યક્તિની અને એ રીતે પરંપરાથી અચૂક સમાજ શુદ્ધિ કરે છે. પ્રાચીન-કાળમાં ગામડાંઓમાં ગ્રામપંચાયત કે વિભિન્ન જાતિઓની પંચાયતો હતી. તેઓ ગામ કે સમાજમાં ફેલાતા અનિષ્ટને દૂર કરીને સમાજમાં શુદ્ધિનું વાતાવરણ સર્જવા માટે અનિષ્ટકર્તા (ગુનેગાર)ને પ્રાયશ્ચિત (સજા) આપીને તેની શુદ્ધિ કરતા હતા. આજે પણ સમાજમાં આ પ્રયોગ સાર્વજનિક સેવા-સંસ્થાઓ દ્વારા થઇ રહ્યો છે. સાધુ સમાજમાં તો આ પ્રયોગ વર્ષોથી પ્રચલિત છે અને આચાર્ય કે સંઘ–નાયક પ્રાયશ્ચિત દ્વારા દોષ કરનારા સાધુની શુદ્ધિ કરે છે. જો તે પ્રયોગ ગૃહસ્થ–સમાજમાં યોગ્ય રીતે પ્રચલિત થાય તો સમાજમાં દોષો કે અપરાધોની સ્થિતિ ઘણી ઓછી થઇ શકે અને સમાજ શુદ્ધ અને ધર્મનિષ્ઠ બની શકે છે પરંતુ આજે આ બાબત પ્રત્યે ગૃહસ્થ વર્ગનું લક્ષ ખૂબ ઓછું છે. આને પરિણામે સમાજમાં મોટાં–મોટાં ભયંકર પાપ રોજબરોજ ઝેરી ફોલ્લાંની માફક થાય છે. આનાથી સમાજમાં નૈતિકતા અને ધાર્મિકતાની મર્યાદાઓ લુપ્ત થતી જાય છે.

એમને એનો પણ ખ્યાલ નથી કે સમાજની શુદ્ધ ધર્મમર્યાદાઓને ભંગ કરવા છતાં અહીં ભલે તેઓ સરકારની સજાથી બચી જાય, પરંતુ કુદરતના ન્યાયથી અહીં કે પરલોકમાં ક્યાંય પણ બચી શકતા નથી. જેમ કોઈ વ્યક્તિ ઠાંસી ઠાંસીને ખાઇ લે તો હવે સરકાર કે સમાજ તેને ભલે કોઇ સજા ન કરે, પરંતુ કુદરત તો તેને સજા આપે જ છે. જેમ કે ચોરી કરવાવાળા માટે કહ્યું છે-

" अदत्तादानाच्च भवेद्दरिद्र : दरिद्रभावात् कुरुते स पापं ।
पापं हि कृत्वा नरकं प्रयाति पुनर्दरिद्री पुनरेव पापी ॥"

"ચોરીના ફળ સ્વરૂપે મનુષ્ય દરિદ્ર બની જાય છે. દરિદ્રતાને કારણે તે પાપ કરે છે. પાપ કરીને નરકમાં જાય છે. પછી દરિદ્ર બને છે અને વળી પાછો પાપી થાય છે. આ રીતે ચોરીનાં ખરાબ પરિણામનું ચક્ર ચાલતું રહે છે."

જો કોઇ અપરાધની એનો પ્રારંભ થતાં સાથે જ તેની પ્રાયશ્ચિત દ્વારા શુદ્ધિ કરી લેવાય તો ખરાબ ફળનું ચક્ર આગળ વધતું નથી, ત્યાં જ અટકી જાય છે અને સમાજની વ્યવસ્થા પણ બગડતી નથી.

## આત્મદમન અને પરદમન

પ્રાયશ્ચિત સ્વયંભૂ કે સ્વપ્રેરિત હોય છે. તેમાં અપરાધી વ્યક્તિ પોતાના દોષોની આલોચના વગેરે કરીને કે પછી જાતે જ કોઈ બાહ્ય તપ એ પ્રાયશ્ચિતનાં રૂપમાં કરે છે અથવા તો કોઇ ગુરુ કે મહાન પુરુષની પાસેથી પ્રાયશ્ચિત માગી લે છે. પણ જાતે પ્રાયશ્ચિત સ્વીકારી શકતો નથી અને ગુરૂ અથવા સમાજની અગ્રણી વ્યક્તિઓ સમક્ષ અપરાધનું નિવેદન કરીને પ્રાયશ્ચિત કરતો નથી. તે વખતે સમાજની અગ્રણી વ્યક્તિ અથવા આચાર્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેને પ્રાયશ્ચિતને કરવા માટે પ્રેરિત કરે છે. બીજા દ્વારા આપેલા આ પ્રાયશ્ચિતને દંડ કહેવામાં આવે છે, પરંતુ આ દંડ શારીરિક કે આર્થિક નથી હોતો. એ હોય છે. ઉપવાસ વગેરેના રૂપમાં અથવા સામાજિક બહિષ્કારના રૂપમાં આ બે પ્રકારનાં પ્રાયશ્ચિતને ક્રમશ: આત્મદમન અને પરદમન કહેવામાં આવે છે. આથી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે.

"अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दम्मो अप्पा दंतो सुही होइ. अस्सिं लोइ परत्थ य मा ऽहं परेहिं दम्मंतो बंधणे हिं हिं वहेय

"આત્માનું દમન (પ્રાયશ્ચિત વગેરે દ્વારા સ્વયં) કરવું જોઈએ. જો કે આત્માનું દમન બહુ મુશ્કેલ છે. એમાં ખુબ પ્રયાસ કરવો પડે છે, પરંતુ આત્માનું દમન કરવાથી મનુષ્ય આ લોક અને પરલોકમાં સુખી થાય છે." મારું અન્ય દ્વારા બંધન અથવા મારપીટ વગેરે અથવા બીજી સજા દ્વારા દમન કરવામાં આવે નહીં એમ મનુષ્ય વિચારે છે. પરંતુ જ્યારે તે પોતાના દુષ્ટ આત્માનું દમન કરી શકતો નથી, ત્યારે તેનું અન્ય દ્વારા દમન કરવામાં આવે છે.

## પ્રાયશ્ચિતના દસ પ્રકારો

દોષોનું વત્તા ઓછાપણું, અપરાધીની પરિણામ ધારા અને શુદ્ધિ કરવા માટેની તીવ્રતા–મંદતા પ્રમાણે પ્રાયશ્ચિતના ઘણા પ્રકાર થઈ શકે. સ્થાનાંગ સુત્રમાં દશ પ્રકારના પ્રાયશ્ચિત કહેવામાં આવ્યાં છે.

"दसविहे पायच्छित्ते, पन्नते तंजहा, आलो., यणारिहे, पडिक्कमणारिहे, तदुभयारिहे, विवेगारिहे, विउसग्गारिहे, तवारिहे, छेदारिहे, मूलिरिहे, अणवठ्ठप्पारिहे, पारंचियारिहे !"

"પ્રાયશ્ચિત ૧૦ પ્રકારના બતાવવામાં આવ્યા છે. (૧) આલોચનાર્હ (૨) પ્રતિક્રમણાર્હ (૩) તદુભયાર્હ (આલોચના અને પ્રતિક્રમણ બંનેને યોગ્ય) (૪) વિવેકાર્હ (૫) વ્યુત્સર્ગાર્હ (૬) તપસ્યાર્હ (૭) છેદાર્હ (૮) મૂલાર્હ (૯) અનવસ્થાપ્યાર્હ (૧૦) પારાંચિકાર્હ"

કેટલીક વસ્તુઓની શુદ્ધિ માત્ર પાણીથી જ થઈ જાય છે. કેટલીક વસ્તુઓ સાબુ–સોડાથી સાફ થાય છે કેટલીક માટી અથવા રાખ ઘસવાથી સાફ થાય છે, અને કેટલીક વસ્તુઓ આમલી વગેરેની ખટાશથી સાફ થાય છે. કેટલાક પદાર્થો એવા પણ હોય છે કે જેમની શુદ્ધિ અગ્નિથી થાય છે. કેટલાંક સ્થળોની સફાઈ ઝાડુ મારવાથી જ થઈ જાય છે.

આ રીતે કેટલાક દોષો એવા હોય છે જેમને ગુરુ સામે પ્રગટ કરીને, આલોચના કરીને પ્રાયશ્ચિત લેવાથી, કેટલીક સ્વયં પ્રતિક્રમણના રૂપમાં પ્રાયશ્ચિત લેવાથી. કેટલાક બંનેથી, કેટલાક વિવેકથી, કેટલાક કેટલીક વસ્તુઓ અને વિકૃતિઓને છોડવાથી અથવા ભૂલ સુધારી લેવાથી, કેટલાક તપથી તો કેટલાક છેદથી (સાધુ માટે દીક્ષા પર્યાય ઓછો કરવો ને ગૃહસ્થ માટે સમાજમાં તેમની પ્રતિષ્ઠા ઓછી કરવાથી), કેટલાક મૂળથી (નવી દીક્ષા આપવાથી, ગૃહસ્થો માટે ઉક્ત સંસ્થામાંથી તેમનો બહિષ્કાર કરવાથી) કેટલાક અનઅવસ્થાપ્યથી એટલે કે કેટલાંક વર્ષો સુધી સાધુ અવસ્થામાં પરીક્ષણ હેઠળ રાખીને સુધારવાની તક આપીને કરવામાં આવે છે. આ રીતે ગૃહસ્થો માટે પણ તેમને તે પ્રદેશ સિવાય અન્યત્ર અન્ય વ્યવસાયમાં રાખીને સુધારવાની તક આપવામાં આવે છે કેટલાક પારંપારિક નામક પ્રાયશ્ચિતથી (એટલે કે ૧૨ વર્ષ સુધી) કઠોર તપશ્ચર્યા કરીને, સમાજની બહાર રહીને વિતાવવાના રૂપે, ગૃહસ્થો માટે કાળા પાણીની સજાના રૂપમાં આજીવન કારાવાસના રૂપે, શુદ્ધ થાય છે

આ માટે પ્રાયશ્ચિતના દસ ભેદ પાડવામાં આવે છે. હવે આપણે ક્રમશ: તેનો વિચાર કરીએ

## આલોચનાની શુદ્ધિ

આલોચનાર્હ પ્રાયશ્ચિતમાં વ્યકિત પોતાની જાત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમક્ષ અથવા તો ગુરુ, સમાજ કે અગ્રણી વ્યક્તિની સામે પોતાના દોષોની આલોચના કરવાથી શુદ્ધ બની જાય છે, આ તેના ત્રણ અંગ હોય છે. (૧) પશ્ચાતાપ (નિન્દના) (૨) આલોચના (સ્વયં અન્તં નિરીક્ષણ કરવું) અને (૩) ગર્હણા એટલે કે ગુરુ અથવા સમાજ કે મુખ્ય વ્યક્તિની સમક્ષ પોતાના અપરાધો પ્રગટ કરીને એકરાર કરવો. કયારેક મોહ-વસ થઇને વ્યક્તિ કોઈ અપરાધ કરી બેસે છે. પરંતુ પાછળથી તેને તે ભુલ કે અપરાધ ડંખવા લાગે છે. તે સમયે પશ્ચાતાપ કરે છે, એટલાથી તેના પાપ હલકાં થઈ જાય છે, અથવા દોષમુક્તિ થાય છે. કયારેક તો મોહની તીવ્રતાને લીધે વ્યક્તિ પોતાનાં પાપોને બદલે કેવળ પશ્ચાતાપ કરે છે તેટલાથી જ પાપ નથી ધોવાતાં આ માટે આંતર નિરીક્ષણ કરીને ગુરુની સમક્ષ પોતાનાં પાપોને પ્રગટ કરવાં પડે છે. જો અચકાય તો કયારેક ગુરુ કે મુખ્ય વ્યક્તિ તેને પ્રેરીને કે પ્રોત્સાહન આપીને તેને બદલે સ્વયં સમાજની સમક્ષ તેની ઉપસ્થિતિમાં તેના દોષોનું યથાર્થ ચિત્રણ કરીને ઉપવાસાદિના રૂપમાં પ્રાયશ્ચિત આપે છે, જેનો તેણે સ્વીકાર કરવાનો હોય છે.

આલોચનાને યોગ્ય પ્રાયશ્ચિત તો ત્યાં હોય છે, જ્યાં દોષ કે ભૂલ થઇ જવાથી વ્યક્તિ ગુરુ કે મુખ્ય વ્યક્તિની સમક્ષ યથાર્થ રૂપમાં પોતાના દોષોને પ્રગટ કરીને એકરાર કરે છે.

વાસ્તવમાં આવી આલોચના (ગુરુ કે વડીલની સામે અપરાધનુ પ્રગટીકરણ) કરવી ખુબ મુશ્કેલ બાબત હોય છે. વ્યક્તિ લજ્જા, સ્વાર્થ, અભિમાન, પ્રપંચ, મોહ વગેરેથી પ્રેરાઈને કેટલીક વખત પોતાના દોષોને વ્યક્ત કરી શકતો નથી. કયારેક અર્ધા દોષોને કહે છે તો કયારેક અધિકાંશ દોષ કહેવા છતાં છુપાવે છે. (ક્રમશઃ)



## શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું પ્રકાશન

**શ્રી નવસ્મરણાદિ** સ્તોત્ર સન્દોહનું મુનિશ્રી ચરણવિજયજી મહારાજ સાહેબ દ્વારા સંપાદન કરાવી વિ. સં. ૧૯૯૨ માં આ સભા તરફથી પ્રકાશન કરવામાં આવ્યું હતું. સુંદર-સુઘડ સ્પષ્ટ દેવનાગરી લિપિમાં પ્રિન્ટ હોવાથી સમગ્ર ભારતમાંથી તેની માંગણી આવતા તેનુ પુનર્મુદ્રણ કરીને પ્રગટ કરેલ છે. મજબુત પ્લાસ્ટીક કવર સહીતની આ સુંદર પુસ્તિકા દરેક જૈનના ઘરમાં વસાવવા જેવી છે, કિંમત રૂા. ૭-૦૦ છે. પચાસ કે વધારે પુસ્તિકા ખરીદનારને ૨૦ ટકા કમીશન આપવામાં આવશે.

ધર્મપ્રભાવના કરવા માટે ઉત્તમ પુસ્તિકા છે.

—: વધુ વિગત માટે લખો :—

શ્રી જૈન આત્માનંદ સભા-ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉત્તરાધ્યયન સૂત્રમાં શ્રમણાચાર

મૂળ લેખિકા
શ્રીમતી આશા જૈન રાજગીર

અનુવાદક
કે. જે. દોશી

શ્વેતામ્બર પરમ્પરાની માન્યતા પ્રમાણે જૈન વાંઙમયનું વ્યવસ્થિત સંકલન અને સંરક્ષણ માટે ત્રણ વાચનાઓ થઇ. પહેલી વાચના સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં આચાર્ય ભદ્રબાહુ અને આર્ય સ્થૂલભદ્રની રાહબરી નીચે પાટલીપુત્રમાં થઈ. બીજી વાચના આર્ય સ્કંદિલના સમયમાં મથુરામાં થઇ. અને ત્રીજી વાચના ભગવાન મહાવીરના નિર્વાણથી લગભગ ૯૮૦વર્ષ બાદ આચાર્ય દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણના નેતૃત્વમાં ગુજરાતના વલ્લભીપુરમાં થઇ આજ સમયે આગમોને લિપિબદ્ધ કરવામાં આવ્યા.

ઉત્તરાધ્યયન સૂત્રનું સંકલન આચાર્ય દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણના નેતૃત્વમાં થયેલ ત્રીજી વાચનાના સમયે કરવામાં આવ્યું. ઉત્તરાધ્યયન સૂત્ર એટલો પ્રતિષ્ઠિત ગ્રન્થ છે કે આ ગ્રન્થ અથવા તેના કેટલાક ભાગ ભારતની કેટલીયે યુનિવર્સિટીઓએ તેમના સ્નાતક તેમજ સ્નાતકોત્તર (બી. એ. તેમજ એમ,એ.) અભ્યાસક્રમમાં સ્થાન આપ્યું છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં અનેક જગાએ શ્રમણાચારનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેના પાંત્રીસમાં "अणगार मज्झाइ" નામના અધ્યયનમાં શ્રમણાચારનું સુંદર રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે. પહેલા તો તેમાં ગૃહવાસનો પરિત્યાગ કરનાર ભિક્ષુને હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મસેવક, ઇચ્છા, કામ અને લોભથી દૂર રહેવાનું અને મનોહર, ચિત્તહર, સુવાસિત તથા સુંદર દ્વારયુક્ત ઘરની મનથી પણ ઇચ્છા ન કરવાનું અને કામ અને રાગને વધારનાર સ્થાનનો પરિત્યાગ કરવાનો નિર્દેશ છે.

તેમાં સંયત ભિક્ષુને માટે કહેવામાં આવ્યું છે કે તે સ્મશાનમાં, ખાલી ઘરમાં, વૃક્ષની નીચે રહે તથા પ્રાસુક અનાબાધ તથા સ્ત્રી, પુરુષ તથા પશુઓથી રહિત સ્થાનમાં રહેવાનો સંકલ્પ કરે. ભિક્ષુ પોતે પણ ઘર ન બનાવે અને બીજાને પણ ઘર બનાવવા ન પ્રેરે. કારણ કે ઘર બનાવવામાં અને બંધાવવામાં ત્રસ અને સ્થાવર તથા સ્થૂલ જીવોનો વધ થાય છે.

ભોજ્ય અને પેય પદાર્થોને પકાવવામાં જળ, ધાન્ય પૃથ્વી (માટી), અને કાષ્ઠને આશ્રિત જીવોનો વધ થાય છે. તેથી ભિક્ષુએ ભોજ્ય તથા પેય પોતે પકાવવા કે બીજાની પાસે પકાવવાનો નિષેધ કરવામાં આવેલ છે. અગ્નિ પેટાવવાનો તો તેને સંપૂર્ણ નિષેધ છે. કારણ કે અગ્નિ તે તીક્ષ્ણ અસ્ત્ર સમાન છે કે જેનાથી અનેક પ્રાણીઓનો વધ થાય છે. વાયુની સાથે સૂક્ષ્મ જીવ ચાલતા હોય છે અને અગ્નિ પ્રજ્વલિત થાય છે ત્યારે તેનો ઘાત થાય છે.

ભિક્ષુએ ક્રય-વિક્રય ન કરવા જોઇએ. સોના-ચાંદીને માટી સમાન ગણવા જોઈએ અને ભિક્ષાવૃત્તિથી જ ભિક્ષુએ પોતાની જીવનયાત્રા ગતિમાન રાખવી જોઇએ. તેમણે ભિક્ષાવૃત્તિ માટે અનેક ઘરોમાં જવું જોઈએ અને રસ-લોલુપતા રહિત, અનાસક્ત ભાવથી થોડું અન્ન-જળ ગ્રહણ કરીને સંતુષ્ટ રહેવું જોઈએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુનિએ પોતા પૂજા, અર્ચના, ઋદ્ધિ, સત્કાર અને સન્માનની આકાંક્ષા મનમાં પણ રાખવી ન જોઇએ, સદા એક સ્થાનપર ન રહેવું જોઇએ. જુદા જુદા ગામમાં વિહાર કરતા રહેવું જોઇએ અને અંતિમ સમયે શુકલધ્યાનમાં સંલગ્ન બનીને આહાર-પાણીનો પરિત્યાગ કરીને પોતાનો દેહત્યાગ કરવો જોઈએ.

જે નિર્મળ, નિરહંકાર, વીતરાગ અને અનાશ્રય મુનિ ઉપરોક્ત આચાર ધારણ કરે છે તે મુનિ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી જન્મ-મરણના ફેરામાંથી મુક્ત બની પરિનિર્માણ પ્રાપ્ત કરે છે.

ઉત્તરાધ્યયનના પ્રથમ અધ્યયન "विनय सुय"-માં શ્રમણના આચાર પર પ્રકાશ પાડવામાં આવેલ છે "વિનય એ જ ધર્મનું મૂળ છે. આચાર તેમજ વિચાર બન્નેના વિકાસ માટે વિનય અનિવાર્ય છે. વિનય વિના સાધના-પછી તે જ્ઞાનની સાધના હોય કે ધ્યાનની સાધના હોય, તપની સાધના હોય કે બીજી કોઈ સાધના હોય - સફળ થઇ શકે નહિ. તેથી ઉત્તરાધ્યયનનું પહેલું અધ્યયન પણ મહત્વનું છે.

આમ તો ઉત્તરાધ્યયન સૂત્ર શ્રમણ-જીવન સંબંધિત છે. તો પણ ગૃહસ્થ જીવનને માટે પણ તેમાં ઘણો મહત્વપૂર્ણ ઉપદેશ છે. રૂપક, કથાનક તેમ જ ઉપદેશના માધ્યમથી જીવન વિકાસને માટે ઘણી સુંદર શૈલીમાં સાચું માર્ગદર્શન મળે છે. પ્રશ્નોત્તરના રૂપમાં ઇન્દ્રનો રાજર્ષિ નામની સાથેનો સંવાદ તથા શ્રમણ ભગવાન મહાવીરના મુખ્ય શિષ્ય ગણધર ગૌતમ અને ભગવાન પાર્શ્વનાથ પરમ્પરાના શ્રમણ કેશીકુમારનો સંવાદ તો ખૂબજ મહત્વપૂર્ણ છે.

ધર્મ શું છે, એ પ્રશ્નના સમાધાનમાં ગુરુ ગૌતમસ્વામીએ સ્પષ્ટ કહ્યું છે કે ધર્મ એ કોઈ બાહ્ય ક્રિયાકાંડમાં નથી, કે કોઈ સંપ્રદાયની વિશિષ્ટ માન્યતામાં પણ નથી. તે બહારની વેશભૂષામાં પણ નથી. તે તો આત્માનો સ્વભાવ છે અને તેની સમીક્ષા પ્રજ્ઞાથી કરવી જોઈએ.

"पण्ण समिक्खए धम्म"

એક બીજા પ્રશ્નના ઉત્તરમાં ગૌતમસ્વામીએ કહ્યું છે કે, લિંગ અર્થાત્ વેશભૂષામાં સાધુત્વ નથી. વેશ કેવળ બહારના પરિચય માટે છે, સાધુત્વ નગ્નતામાં પણ નથી. કે વસ્ત્રપરિધાનમાં પણ નથી. તે છે વીતરાગ - ભાવમાં, રાગ દ્વેષથી નિવૃત્ત થવામાં છે.

તેથી જ જૈન વાઙમયમાં ઉત્તરાધ્યયન સૂત્ર મહત્વપૂર્ણ છે. તે સરળ અને સર્વોપયોગી આગમ છે.

શ્રી અમરભારતી ફેબ્રુ. ૧૯૯૦ માંથી
આભાર ઉદ્ધૃત.

પ્રભુ છે, પ્રભુ મહાન છે-એ વાત સાચી પણ પ્રભુ મારા છે-એ સમજણથી જ્ઞાનને જુદો જ રંગ આવે છે. ભગવાન મારા છે અને હું એમનો છું-આ મીઠાશ ભકિતમાં આનંદ લાવે છે. ભેદ ભાવવો તે ભકિત, અભેદ ભાવવો તે જ્ઞાન છે. અભેદની ભાવનામાં જીવ અને શિવ બંને મળી જઇને વિશુદ્ધ ચૈતન્ય થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવકારનો અપાર ઉપકાર

સંપાદક
પ૦ પૂ૦ મુનિરાજ શ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ

રામાયણની કથા સાંભળનારા જેમ સીતાજી અને શ્રી રામચંદ્રજી જેવા ગુણો લાવવા માંગે છે, તેમ આપણે નવકારની મહિમા દર્શક કથાઓ સાંભળીને શ્રી નવકારમય બનવાનાં પ્રયત્નો કરવા જોઈએ. શ્રી નવકારને પ્રાપ્ત કરવા માટે સુંદર દેહ, સુંદર ગુરુ અને સુંદર આત્મા જોઇએ. ત્રણમાંથી બે સારાં હોય અને એક સારું ન હોય, તો ન ચાલે. ત્રણે સારાના સમાગમથી શ્રી નવકારની પ્રાપ્તિ થાય છે. આનું કારણ યોગ્યતા છે. દરેક બાબતમાં યોગ્યતાની પ્રધાનતા છે. યોગ્યતા સિવાય ગુણ પ્રાપ્તિની ભૂમિકા ઘડાતી નથી.

યોગ્યતાની પ્રાપ્તિ, યોગ્ય આત્માઓના યોગ્ય ગુણોની પ્રશંસા કરવાથી થાય છે. આ વિશ્વમાં ઊંચામાં ઊંચી યોગ્યતાવાળા ઉંચામાં ઉંચા આત્માઓ શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિ ભગવંતો છે. તેમની ભક્તિ, પૂજા, સ્તુતિ વગેરેમાં મન પરોવવાથી શ્રી નવકારને ખરેખર પામવાની યોગ્યતા આવે છે. શ્રી નવકાર ખરેખર પામવાની યોગ્યતા આવે છે. શ્રી નવકાર મહાન પ્રભાવશાળી છે, છતાં આપણને તેવો લાગતો નથી, તેનો અર્થ એ થયો કે આપણામાં યોગ્યતા નથી.

જે સમયમાં આપણે જીવીએ છીએ, તે સમયે, આ શ્રી નવકારને પ્રાપ્ત કરનારા અસંખ્યાતા જીવો ચારે ગતિમાં છે. ફક્ત મનુષ્યમાં સંખ્યાતા છે. તિર્યંચોને ગુરુનો યોગ થતો નથી, પણ જાતિ-સ્મરણ જ્ઞાન થાય છે અને પૂર્વે કરેલું યાદ આવે છે, અને તે દ્વારા નવકારને પ્રાપ્ત કરે છે. તિર્યંચમાં સંખ્યા ઘણી મોટી છે, એટલે કોઈક શ્રી નવકાર પામે તો પણ અસંખ્યાતા થઈ જાય છે. તિર્યંચમાં ધર્મ નહિ પામેલાની સંખ્યા સાગર જેટલી છે, પામેલાની સંખ્યા બિંદુ જેટલી છે. માટે તિર્યંચનાભવમાં જઈને શ્રી નવકાર પામીશું એવો વિચાર નકામો છે. દેવગતિમાં પણ તે દુર્લભ છે. અને નારકીમાં પણ દુર્લભ છે. મનુષ્યગતિમાં પણ સાવ સુલભ નથી.

તમારા ઘરમાં, ગામમાં, રાજ્યમાં, દેશમાં તપાસ કરો, તો શ્રી નવકારને પામેલા એટલે લબ્ધિ ક્ષયોપશમવાળા, આંતરિક રૂચિ, પ્રીતિવાળા મનુષ્યો ખરેખર કેટલા છે, તે સમજાશે; પામેલા ઓછા છે, નહિ પામેલા ઘણા છે. જે ઓછા છે. તેમાંથી પણ ખસી જનારા કેટલા તે પણ વિચારો શ્રી નવકારને પામ્યા પછી તેમાં જ પ્રીતિ ટકાવવાનું કામ પણ અઘરું છે. કારણ કે તેમાં અતંરાયકારી પરિબળો આ વિશ્વમાં ઘણાં છે.

જેઓનું નમસ્કાર-આવરણીય કર્મ એટલે કે દર્શનમોહનીય કર્મ હટી ગયું છે, તેવા જીવોની સંખ્યા બહુ જ ઓછી હોય છે. એ થોડી સંખ્યામાં આપણો નંબર નોંધાવવો છે કે નહિ ? અહીં બહુમતી કામ નહિ લાગે, સમ્યગ્ દૃષ્ટિ જ કામ લાગશે. એવી દૃષ્ટિવાળા અલ્પ છે. ગુરુનો યોગ, સારી બુદ્ધિ, સુંદર શરીર મળ્યું છે, છતાં શ્રી નવકારને પામવાની યોગ્યતા નથી આવી. એમ માનીને આગળ ચાલો તો તેને પામવાની યોગ્યતા જરૂર આવશે. જે વસ્તુ ખૂટતી હોય, તેની કિંમત વધારે આંકીએ તો જ તેને પામવાની યોગ્યતા આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે વિચારો કે આ મનુષ્યભવમાં નમસ્કારાવરણીય કર્મ ન તૂટયું હોય, તો તેનું કારણ શું ? તો કે પોતાની તથા પ્રકારની અયોગ્યતા. આવી અયોગ્યતા શી રીતે જાય ? અને યોગ્યતા શી રીતે આવે ? સુગુરુ કહે તે પ્રમાણે કરીએ તો. સુગુરુ કહે છે કે જે ભાવ તમારી જાતને આપો છો તે ભાવ પણ જગતના બધા જીવોને આપો. આખું જગત પાપથી મુકત થાઓ, આખા જગતમાં શાંતિ પ્રવર્તો, એવો ભાવ ભાવવાપૂર્વક શ્રી નવકારનો જાપ શરૂ કરો, તો શ્રી નવકારને ભાવથી પામવાની યોગ્યતા આવશે.

જેઓ યોગ્ય છે, તેઓના મનમાં સર્વ જીવોના કલ્યાણની ભાવના વસેલી છે. આચરણમાં અહિંસા અગ્રસ્થાને છે અને વાણીમાં હિત-મિત સત્યનો વાસ છે.

આવી યોગ્યત ન હોય અને શ્રી તીર્થંકર પરમાત્માના કાળમાં જન્મ મળે છે, તો પણ ઠેકાણું નથી પડતું સંસારની રખડપટ્ટી ઊભી જ રહે છે.

નમસ્કારમાં રતિ કેળવવાની યોગ્યતા લાવવા માટે.

(૧) સર્વના કલ્યાણને ' સ્વ ' કલ્યાણ જેટલો જ ભાવ આપો.
(૨) સમસ્ત જીવરાશિ સાથે મૈત્રીભાવ કેળવો.
(૩) કોઇ એક જીવને પણ અપકારી ન ગણો.
(૪) અપકારી સ્વકર્મ સિવાય બીજું કોઇ નથી એ સમજીને વર્તન કરો.
(૫) 'શિવમસ્તુ સર્વ જગતઃ' ની ભાવનાને અસ્થિમજ્જાવત્ બનાવો.

આજ સુધી આવા ઉત્તમ ભાવપૂર્વક જીવન નથી જીવ્યા, માટે હજી આપણો નિસ્તાર નથી થયો. સમસ્ત વિશ્વ પ્રત્યે તેને તારવારૂપ મૈત્રીભાવ-એ તીર્થંકરત્વનું કારણ છે. પોતાના પરિચિતોને તારવાનાં ભાવરૂપ મૈત્રીભાવ, એ ગણધરત્વનું બીજ છે.

પોતાના આત્મા પ્રત્યે મૈત્રીભાવ એ કેવળજ્ઞાન આપશે. પણ 'અતિશયો' નહિ આપે.

'હું એકલો છું ' એ ભાવના તો કોઇ આપણા સામે ન જુએ, ત્યારે લાવવાની છે. કે જેથી આર્ત્ત ધ્યાનથી બચી જવાય. પણ અત્યારે જુદું છે. મારૂં તૈયાર છે કે નહિ તે જુઓ છો. પોતાનું એકલાનું જ ધ્યાન રાખવું, તે ભવ્યત્વના પરિપાકને વિકસતાં અટકાવે છે.

ભવ્યત્વનો પરિપાક કરવા માટે, સ્વ-દુષ્કૃતની ગર્હાનિંદા તેમ જ નિર્દંભ કબૂલાત અનિવાર્ય છે. પછી જ્યાં યોગ્ય ગુરુ હોય, ત્યાં લોહચુંબક તરફ ખેંચાતા લોહકણની જેમ ખેંચાઇ જવાય.

દુશ્મનના હાથે પણ સુકૃત થાય તે અનુમોદનીય છે. અને તે અનુમોદના સમ્યક્ત્વ પામવાનું બીજ છે. સ્વકૃત દુષ્કૃતનો ખટકો જેટલો તીવ્ર, તેટલી જ તીવ્રતા સર્વના સુકૃતની અનુમોદનામાં આવવી જોઈએ.

પોતાના સુકૃતનું પણ અનુમોદન ન કરે, તો પુણ્યનો બંધ ન પડે. અનુમોદના કરવાનું મુખ્ય સાધન મન છે. માત્ર જીભથી પ્રશંસા કરવા છતાં જો તેમાં મન નથી ભળતું, તો તે કાર્ય ભવ્યત્વના પરિપાકમાં ખાસ સહાયક નથી થતું.

સુકૃતની ત્રિવિધ અનુમોદના કરવાથી સુકૃતસાગર શ્રી અરિહંતની ભક્તિ કરવાની પાત્રતા આવે છે. આ પાત્રતા આરાધકને ધર્મ પમાડે છે અને શ્રી નવકારને ભાવથી આરાધવાની યોગ્યતા બક્ષે છે.

ચાર શરણ એ સ્મરણીય તત્ત્વની શ્રેષ્ઠ અનુમોદના છે. શ્રેષ્ઠ પ્રકારની પ્રશંસા છે. વિચારની ભૂમિકા ઉપર તે સ્મરણ આવવું જોઈએ. એને માટે દૃષ્ટાન્ત આવે છે, કે જેમ કોઇ વ્યાધિગ્રસ્ત હોય, તો તેના મનમાં ધ્યાન કોનું હોય ? માતાનુ ? ના, વૈદરાજનું હોય.

જો કોઈને સર્પદંશ થયો હોય, તો તે ગારૂડીનું ધ્યાન કરે છે, મતલબ કે ભયને શરણની જરૂર છે. પહેલાં તો રાજાને, પર રાજ્યનો ભય હોય, ત્યારે કિલ્લો બાંધતા હતા. હવે તો ઉપરથી બોમ્બ પડે છે, એટલે કિલ્લો કામ આવતો નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો હવે શું બનાવવું ? ભોંયરું. પણ ઉપરથી બોમ્બ પડે, ત્યારે કોનું શરણ માનશો ? ધર્મનું.

આ જ પહેલાં આપણે મોક્ષે ગયા હોત, તો કોઇ જાતની ઉપાધિ રહેત નહિ. પણ નમવામાં કચાશ રાખી, ભાવશૂન્યપણે નમ્યા, માટે હજી સંસારને નમવું પડે છે.

મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ ઉપરાંત આપણે ત્યાં વૈરાગ્યપ્રેરક બાર ભાવનાઓ પણ છે તે પૈકીની એક એકત્વ ભાવના છે. આ ભાવના એકલપેટા-વૃત્તિને પોષવા માટે નથી, પણ સિંહવૃત્તિને કેળવવા માટે છે. આ ભાવના આપણને સુખદુઃખમાં સ્થિર રહેવાનું બળ આપનારી છે. જન્મ-જીવન અને મૃત્યુ સમયે 'હું' એકલો છું, એમ ચિંતવીને નિરાશ થવાનું આ ભાવના કહેતી નથી. પણ એમ કહે છે કે, 'એ કે હજારાં' બનીને જીવો ! પરમાત્મા અને આપણે તત્ત્વતઃ એકસરખાં જ છીએ. એવો આ ભાવનાનો સાર છે.

ધર્મના અર્થી આત્માને શરીર પાસેથી ખાસ સેવા લેવાની હોય છે. એટલે શરીર બગડે એવો આહારવિહાર ન હોવો જોઇએ. અઠ્ઠાઇ વગેરે કર્યા પછી પારણે રસલોલુપતા જાગે, તો માનવું કે તપ હજી સાચા અર્થમાં થયો નથી. જીહ્વા લંપટ છે, માટે ખોરાકમાં સંયમ (control) રાખવો જ જોઇએ. ખાવા માટે જીવન નથી, પણ સર્વ હિત-કર ધર્મની આરાધના માટે છે એ આરાધનામાં સહાયક શરીરને વિકૃત પદાર્થો વાપરીને બગાડવું ન જોઇ એ. પંચ નમસ્કારમાં સાચો રસ-રસનેન્દ્રિયને વશવર્તી બનાવવાથી જાગે છે.

પંચ નમસ્કારનો પ્રભાવ શબ્દાતીત છે. તમારા મુનીમે સોદો કર્યો અને નફો થયો, તો તે નફાનો માલિક કોણ ? મુનીમ કે તમે ? તમે જ ને. તેવી રીતે નમસ્કારના પ્રત્યેક આરાધકે સદા યાદ રાખવું જોઇએ કે, મને જે વસ્તુઓ મળી છે, તે શ્રી પંચ-પરમેષ્ઠિની છે. વસ્તુ ઉપરનો હકક રાખવાથી અહં-કાર ક્ષીણ થવાને બદલે વધે છે અને શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોની ભક્તિ અહંકારનાની નાશક બને છે

બુદ્ધિથી નમસ્કારને સમજ્યા પછી પણ રતિ અને પ્રીતિ વધારવા માટે શું કરવું ? જેમ સાધુના પાત્રમાં આપેલું સાધુનું કહેવાય, તેના ઉપર આપ-નારનો હકક નથી રહેતો, તેમ શ્રી અરિહંતને આપેલો નમસ્કાર શ્રી અરિહંતનો બને છે. નમનાર શરીર પણ શ્રી અરિહંતનું બની જાય છે.

શરીરથી નમસ્કાર કરો અને દેહ સોંપો નહિ, તો તે નમસ્કાર સાચો કઇ રીતે ગણાય ? ધર્મ માર્ગમાં આગળ વધવું હોય, તો નમસ્કાર વડે દાન કરવું જોઈએ. કાયાથી નમસ્કાર કર્યો, પછી કાયા આપણી ન રહી. કાયાના માલિક નમસ્કાર્ય શ્રી અરિહંત બન્યા.

પૈસા આપ્યા પછી એનો ધણી એ પોતે જ રહેતો હોય, તો પૈસા આપ્યાં જ નથી, એમ સાબિત થાય છે. નમસ્કાર દ્વારા કરેલ પદાર્થનુ દાન તે પદાર્થ ઉપર નમસ્કાર્યના સ્વામીત્વને પુરવાર કરવા અર્થે છે પછી તેનો ઉપયોગ તો કરવાનો નથી જ ! પણ હું કરું છું, મારાથી થાય છે—એવો ભાવ પણ મનમાં રહે, તો નમસ્કારભાવની પરિણતિ હજારો જોજન દૂર રહે છે.

નમસ્કારને આવરણ કરનારું કર્મ ખપશે, એટલે ભગવાનની પૂજા કરતાં, આ પૂજા મારા આત્માની છે, એવી અનુભૂતિ થશે. તેમ જેટલા નમસ્કાર શ્રી અરિહંતને થાય છે, તેટલા આત્માને પહોંચે છે, આત્મા અને પરમાત્મા વચ્ચેના ભાવ અંતરને દૂર કરનારા થાય છે-એવી સ્પષ્ટ પ્રતીતિ થશે.

આત્મા અને પરમાત્મા વચ્ચેનું ભાવ અંતર દૂર થયાં પછી આત્મા પરમાત્મમય બની જાય છે. આત્મા અને પરમાત્માનો ભેદ દૂર થાય છે અને અભેદ સધાય છે. આ રીતે નવકારના ધ્યાનથી આત્મા પરમાત્મા સ્વરૂપ બની શકે છે.

મંત્ર શિરોમણિ શ્રી નવકારનો ઉપકાર આમ અપાર છે.

"નિત સમરો નવકાર" માંથી સાભાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસાર અને મુક્તિ

લેખક :- મનસુખલાલ તારાચંદ મહેતા

ઈલાવર્ધન નગરમાં ઇભ્ય નામનો એક મહાધનાઢય શેઠ રહેતા હતા. બહુ પાકટ વયે તેની પત્ની ધારિણીને ઇલાદેવીની ઉપાસનાથી એક પુત્ર જન્મ્યો. ઈલાદેવીના નામ પરથી પુત્રનું નામ પણ ઈલાચી પાડ્યું.

ઈલાચી માબાપને અત્યંત પ્રિય હતો. કોઇપણ માબાપને ગર્વ થાય તેવો તે ઊંચો, રૂપાળો, સ્નેહાળ અને સોહામણો હતો. યુવાન થતાં અનેક કન્યાઓનાં કહેણ આવવા લાગ્યાં. પણ ઇલાચી આ બાબત પર લક્ષ ન આપતો. ધારિણી માતાએ અનેક કુમારિકાઓને ઘેર બોલાવી ઇલાચી સાથે પરિચયમાં લાવવા પ્રયત્નો કર્યા પણ તેમાં તેને સફળતા ન મળી.

ઇભ્યશેઠ પાસે અઢળક પૈસો હતો અને તેઓ ભારે વ્યવહારકુશળ પુરૂષ હતા. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે પુરુષાર્થનું તેમને મન મહત્ત્વ હતું પોતાનો પુત્ર ત્યાગી અગર વિલાસી બની જાય એવી તેમની ઇચ્છા ન હતી. પરંતુ પોતાનો વંશવેલો ચાલુ રહે અને પોતાના અઢળક ધનનો માલિક તેનો પુત્ર જ બને તવી તેની તીવ્ર ઈચ્છા હતી

ઈલાચીની ત્યાગભાવના જોઈ પિતાને ખેદ થયો. લગ્ન જેવા મહત્વના પ્રશ્નમાં ઇભ્ય શેઠે સત્તા કે અધિકારનો ઉપયોગ ન કરતાં યુકિત પૂર્વક ઇલાચીની આસપાસ સંસાર-સુખની સોનેરી જાળ પાથરી દીધી અને ઈલાચી તેમાં પુરાઈ રહે એવી યોજના કરી. દેશ-દેશાવરથી કુશળ ચિત્રકારોને બોલાવી પોતાના નિવાસસ્થાનમાં કામેચ્છા-ભોગેચ્છા ઉત્પન્ન થાય એવા જાતજાતનાં ચિત્રો ચિતરાવ્યાં અને નટ-નટીઓના સહવાસમાં આવે એ દૃષ્ટિએ ઇલાચીની આસપાસ એવા મિત્રોનું એક જૂથ ઊભું કરી દીધું.

ઇલાવર્ધન નગરમાં એક વખત નટમંડળી આવી હતી અને ઈલાચી તેના મિત્રમંડળ સાથે નટોનો ખેલ જોવા ગયો. નટો જ્યાં ખેલ કરતા હતાં, તેની તદ્દન નજીકમાં ઇલાચીની બેઠક રાખવામાં આવી હતી. એ નટોની વચ્ચે નટોથી તદ્દન જુદી પડે એવી એક યુવાન બાળા ઊભી હતી. એ યુવતીનો પ્રભાવ દેવાંગના જેવો હતો. એનો કેશ કલાપ સેંથી પાડીને ઓળેલો હતો અને પીઠની બંને બાજુમાં કેશના ગુચ્છાઓ સંતાયેલી નાગણના દેહ જેવા ભવ્ય દેખાતા હતા. તેની આંખો સુંદર, સ્પષ્ટ અને મૃદુ ભાવોથી ભરેલી હતી એ યુવતી નટમંડળીના માલિક નટરાજની એકની એક પુત્રી હતી અને તેને સૌ નિર્વાણિકાના નામે ઓળખતા હતા.

નિર્વાણિકા અને ઇલાચીની ચાર આંખો જેવી મળી કે તરત જ બંને હૃદયોના રૂંધાયેલાં દ્વારો ઊઘડી ગયાં, ઇલાચીએ પોતાની જાત પરનો કાબૂ ગુમાવ્યો અને બેશુદ્ધ થઇ ત્યાં જ ઢળી પડયો. તેની પાસે સૌથી પ્રથમ નિર્વાણિકા દોડીને પહોંચી ગઈ, નટરાજના નિવાસ સ્થાને ઇલાચીને લઈ જવામાં આવ્યો અને ત્યાં તેના પર પાણી છાંટતા તે શુદ્ધિમાં આવ્યો. નિર્વાણિકા અને ઇલાચી અરસ પરસ એકબીજાની દૃષ્ટિએ પડતાં બંનેને લાગ્યું કે તેઓ પૂર્વજન્મના જીવનસાથી હતા અને આ જન્મે પણ એક બીજાનાં માટે જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જન્મેલાં હતાં.

શહેરના લોકોએ આ બનાવની હકીકત જાણી ત્યારે આશ્ચર્યમુગ્ધ બની ગયા અને ઇભ્ય શેઠ તેમજ ધારિણીમાતાના દુઃખનો કોઇ પાર ન રહ્યો પોતાનો પુત્ર એક નટકન્યાના પ્રેમમાં પડે એ વાત કયા માબાપને ગમે !

માતા પિતા તેમજ મિત્રો અને સ્વજનોએ ઇલાચીને આ પ્રેમ માર્ગેથી પાછા વાળવા માટે પ્રયત્નો કરવામાં બાકી ન રાખી, પણ ઈલાચી પર તેની કશી અસર ન થઇ. લોકો ઇલાચી અને નટકન્યા વચ્ચેના પ્રેમની વાત જાણતા થઇ ગયા એટલે ઇલાચી માટે અન્ય કન્યાના દ્વાર પણ બંધ થઈ ગયા. નિર્વાણિકાના મનની પરિસ્થિતિ પણ ઇલાચીના જેવી જ થઇ હતી. પણ સ્ત્રી પોતાના પ્રેમની વાત ગોપવી શકે છે અને પ્રગટ કરવામાં ભાગ્યેજ ઉતાવળ કરે છે. પુરુષમાં આવી આવડત અને શકિત હોતાં નથી.

શાસ્ત્રકારોએ કહ્યું છે કે જન્મ દુ:ખ છે, જરા દુ:ખ છે, મરણ દુ:ખ છે. અને આમ સકળ સંસાર દુ:ખરૂપ છે. પરંતુ આ તમામ દુ:ખોને ટપી જાય એવું દુ:ખ તો એક વ્યકિતનું અન્ય વ્યકિત સાથે પ્રેમમાં પડી જવાનું છે, કારણ કે એની વેદના ભારે જબ્બર અને અસહ્ય હોય છે. મનનાં દર્દમાંથી દેહના દર્દો ઉત્પન્ન થાય છે. ઇલાચી પણ બીમાર પડી ગયો અને ચિકિત્સકોએ તેના માતાપિતાને કહી દીધું કે તેને બચાવવો હોય તો તેના લગ્ન પેલી નટકન્યા સાથે વિના વિલંબે કરી નાખવા જોઇએ.

ઇભ્યશેઠે નટરાજને બોલાવી નિર્વાણિકાના ભારોભાર સોનું આપી તેના લગ્ન ઇલાચી સાથે કરી આપવા વાત કરી, ત્યારે, શ્રાદ્ધકનુ મન ચલિત થયા પછી વેપારી જાણીને પોતાનો દાવ ફેંકે તેમ નટરાજે કહ્યું 'પુત્રી તો પારકું ધન કહેવાય એટલે તેના લગ્ન તો કરવા જ પડશે. પરંતુ ઇલાચી જેમ તમારો પુત્ર છે તેમ નિર્વાણિકા પણ મારે મન સો પુત્રની ગરજ સારે એવી પુત્રી છે. મને ધનનો મોહ નથી, પણ નિર્વાણિકાના પતિ બનનારને નટ બની કાયમ માટે અમારી સાથે રહેવુ પડશે. તમારી અને ઇલાચીની આવી તૈયારી હોય તો આ લગ્ન માટે મારી કશી આનાકાની નથી'

ઇભ્યશેઠ, ધારિણી અને ઇલાચી પણ આવી કઠોર શરત સાંભળી સ્તબ્ધ થઇ ગયા માતા પિતાને ઉત્તરાવસ્થામાં આધારવિનાના કરી, નટ બની ઇલાચી નટમંડળી સાથે ચાલી નીકળે એ વાત અશકય લાગતી હતી; પરંતુ યુદ્ધ અને પ્રેમની બાબતમાં મોટાભાગે ન બનવા જેવી વસ્તુઓ જ બને છે.

લોકોના આશ્ચર્ય વચ્ચે અત્યંત દુ:ખદ હૃદયે ઇલાચીએ નટમંડળી સાથે જવાનો નિશ્ચય કર્યો. નિર્વાણિકાના વાગ્દાનની ક્રિયા પતી ગઇ, પણ લગ્નવિધિતો ઇલાચી નટવિદ્યા પૂરે પૂરી શીખ્યા બાદ જ થવાની હતી. ઇલાચી અને નિર્વાણિકાના વિદાયનો દિવસ આવી પહોંચ્યો. બંને જણા માતા પિતાની રજા લેવા આવ્યા ત્યારે વિમનસ્ક ચિત્તે હૃદય પર કાબૂ રાખી ધારિણીએ નિર્વાણિકાને વિદાય આપતાં કહ્યુ : 'નિર્વાણિકાનો અર્થ જ નિર્વાણના માર્ગે લઈ જનારી એમ થાય છે, અને એટલા માટે જ ઇલાચી પર મારો અધિકાર ઉઠાવી તેને નિર્વાણના માર્ગે લઈ જવા તને સોંપું છું. સૌન્દર્ય શીલવડે શોભે છે અને યૌવન સંયમવડે દીપે છે. એ સૂત્રયાદ રાખી વૃત્તિના દ્વંદ્વો પર એવો તો વિજય મેળવજો કે જેથી જન્મ-મરણના વિષચક્રમાંથી કાયમ માટે મુક્તિ મળે'

ધારિણીના શબ્દો સાંભળી ઇલાચી અને નિર્વાણિકાની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં અને ભારે દુ:ખિત હૃદયે માતાપિતાને છેલ્લા વંદન કરી નટમંડળીની સાથે ચાલી નીકળ્યાં,

(૨)

ધર્મશાસ્ત્રોના અભ્યાસી અને ચતુર ઇલાચીને નટવિદ્યા શીખતાં વધુ વખત ન લાગ્યો. બેન્નાતટ નગરે પહોચ્યો તેના રાજવી સમક્ષ ઇલાચી નટ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કલાના પ્રયોગો કરી બતાવે અને તે જ દિવસે નિર્વાણિકા સાથે તેનો લગ્ન વિધિ પતાવવાનો નિર્ણય કરવામાં આવ્યો, બેન્નાતટનો રાજવી મહીપાલ રંગીલો અને વિલાસી હતો. જેવો રાજવી હતો. તેવી જ તેની રાણી હતી.

નટકલાના પ્રયોગો માટે નટમંડપના ઉદ્યાનમાં વ્યવસ્થા કરવામાં આવી હતી અને પ્રયોગો પૂરાં થયે લગ્ન સમારંભ પણ તે જ ઉદ્યાનમાં થવાનો હતો. લગ્નના દિવસે વહેલી પ્રભાતે નિર્વાણિકા અને ઇલાચીએ કુળદેવીની પૂજા કરી. પોતાના કાંડે મદનફળ બાંધી લીધાં હતાં. ઇલાચીના જીવનનો એ સૌથી વધુ આનંદનો દિવસ હતો એટલે તેના ચિત્તની પ્રસન્નતા અને આનંદનો કોઇ પાર ન હતો. મંજુલકંઠી અને નૃત્ય-નિપુણા નિર્વાણિકાનું તે દિવસનું રૂપ મુનિ ચિત્તને પણ ચંચળ કરી મુકે તેવું હતું ! પરંતુ આમ છતાં નિર્વાણિકાના મુખ પર પ્રસન્નતાને બદલે અત્યંત ગંભીર ભાવો સ્પષ્ટ દેખાઈ આવતા હતા.

આ ગંભીરતાની પાછળ એક રહસ્ય હતું. છેલ્લી રાતે તેણે જોયેલાં એક દીવ્ય સ્વપ્નમાં ઇલાચી અને તેના પુર્વજન્મનું એક અદ્ભુત દશ્ય જોયું હતું. પૂર્વજન્મમાં પણ તેઓ પતિ પત્ની હતાં અને સંસારની અસારતા સમજી બંનેએ દિક્ષા લીધી હતી દીક્ષા પછી કેટલાક વર્ષો બાદ બંને જ્યારે એક ગામમાં આકસ્મિક રીતે ભેગાં થઇ ગયાં ત્યારે તેમનાં મન વિચલિત થયાં. ઉત્પન્ન થયેલી ભોગવાસનાને વશ ન થતાં નિર્વાણિકાનો જીવ સાધ્વી અવસ્થામાં અણનમ રહી શકયો પણ ઇલાચી પરવશ થઈ ગયો. સંયમ ધર્મથી ઇલાચી ચ્યુત થઇ જશે એવા ભયથી સાધ્વીએ તપ દ્વારા કાયાને ગાળી નાખી અને મરણને શરણ થઇ. ઇલાચીની ભોગવાસનાનું કેન્દ્રસ્થાન પેલી સાધ્વી તેના સંસાર જીવનની ધર્મપત્ની હતિ, એટલે તેના મૃત્યુ બાદ જોકે ભોગવાસના શાંત પડી ગઇ પણ તેનો સંપુર્ણ ક્ષય ન થઈ શકયો સાધુનો જીવ મૃત્યુ પામી ઇભ્યશેઠને ત્યાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો અને સાધ્વી મૃત્યુબાદ નટરાજને ત્યાં પુત્રી તરીકે જન્મ પામી.

કારણ વિના જેમ કાર્ય નિપજતું નથી તેમ સ્વપ્નાઓ પાછળ પણ ભૂતકાળનો ઇતિહાસ છુપાયેલો હોય છે નિર્વાણિકાને લાગ્યુ કે ઇલાચીના તેની પ્રત્યેના અદ્ભુત આકર્ષણમાં પણ પુર્વજન્મની અતૃપ્ત વાસના જ કારણ રૂપ હતી. તેથી જ કુળદેવીની પુજા વખતે જ્યારે ઇલાચીએ તેને અડપલુ કર્યું ત્યારે ગંભીરતા પુર્વક નિર્વાણિકાએ તેને કહેલુ ઇલાચી ! આં બધાં અડપલાંઓ એક પ્રકારની કામ વાસનાને આભારી છે. અંધકાર અને પ્રકાશની માફક પ્રેમ વાસના સાથે રહી શકતાં નથી, કારણ કે એ બંને એકબીજાના વિરોધી તત્વો છે. વાસના સંસાર વધારે છે ત્યારે પ્રેમ મુકિતને નજીક લાવે છે. માતા પાસેથી વિદાય લેતી વખતે તેમણે આપેલા આશિર્વાદ મુજબ આજથી આપણે વિલાસપંથના નહીં પણ મુકિતપંથના પ્રવાસી બનવાનું છે નિર્વાણિકાની વાત ઇલાચીને વિચારતો કરી મૂકયો.

નટમંડપના ઉદ્યાનમાં ઇલાચીની કલાના પ્રયોગો જોવા રાજકુટુંબના તમામ સભ્યો, અધિકારીઓ, મંત્રીમંડળના સભ્યો, નગરના શ્રેષ્ઠિઓ તેમજ અનેક પ્રજાજનો આવ્યા હતા. આમંત્રિત મહેમાનો માટે એ ભવ્યમંડપમાં બેસવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. મંડપની વચમાં મોટા મોટા વાંસ ઉભા કરવાવાં આવ્યા હતા. વચલા બે વાંસ સાથે એક મોટા દોર બાંધવામાં આવ્યો હતો ઇલાચી દોર પર હાથમાં વાંસ રાખી એક પગ અધર રાખી બીજા પગવડે નૃત્યની ક્રિયા કરવાનો હતો.

નિયુકત સમયે ઇલાચીના પ્રયોગો શરૂ થયા. મૃદંગમાંથી જેવો અવાજ નીકળ્યો કે સૌનું ધ્યાન દોર પર ખેંચાયું. દેવલોકની અપ્સરા ઉર્વશી માફક શોભતી નિર્વાણિકા નાચે જમીન પર ઉભા રહી ઇલાચીને પ્રેરણા આપતી મૃદંગ પર કામ કરી રહી હતી. વાંસ હાથમાં રાખી દોરડા ઉપર એક પગ અધર રાખી બીજા પગ વડે નૃત્ય કરતાં કરતાં ઇલાચી એક છેડેથી બીજે છેડે આવ્યો અને પ્રેક્ષકો



For Private And Personal Use Only

એકી અવાજે 'વાહ ! વાહ !' બોલી ઊઠયાં.

ઈલાચી દોરડા પર એક છેડેથી બીજા છેડે અનેકવાર ફર્યો છતાં મહીપાલ રાજાને સંતોષ ન થયો. તેની દાનત બગડી હતી એની ઈચ્છા એવી હતી કે ઇલાચી નૃત્ય કરતાં કરતાં થાકીને નીચે પડી જઈ મૃત્યુ પામે જેથી નિર્વાણિકાને પોતાની રાણી બનાવી શકાય. મહીપાલની રાણીમાં વળી નવા પ્રકારનું પાપ જાગ્યું હતું ઈલાચીના રૂપ અને સૌન્દર્ય પર તે મોહી પડી હતી અને તેના મનોમનમાં ઇલાચીને પોતાનો બનાવવાની તીવ્ર તાલાવેલી જાગી હતી રાજા અને રાણીના મનમાં ઉત્પન્ન થયેલ કામવાસનાના ભાવો જોઇ ઈલાચી સ્તબ્ધ થઇ ગયો.

બરોબર તે સમયે ઇલાચીની દષ્ટિ બાજુના મકાનના અંદરના ભાગમાં ગઇ, ત્યાં રૂપ રૂપથી ભરેલી એક નવયૌવનાને તેની સામે નીચી દૃષ્ટિ રાખી ઊભા રહેલા એક ભવ્ય તેજસ્વી અને ચારિત્રના તેજથી દેહથી એ મધુર સોહામણા લાગતાં એક યુવાન મુનિરાજના પાત્રામાં આહાર વહોરાવતી જોઇ. બંનેની યૌવન અવસ્થા હતી, એકાન્ત હતું. પણ તેમ છતાં બંને જણા તદ્દન નિર્વિકારી અને નિર્લેપ હતાં મુનિરાજ તેના સંયમના કારણે શોભતા હતા અને પેલી શ્રાવિકા તેના શીલના પ્રતાપે દીપતી હતી. એ વખતે ઇલાચીને જાતિસ્મરણ જ્ઞાન થયું. જે દૃશ્ય નિર્વાણિકાએ સ્વપ્નાવસ્થામાં જોયું એજ દૃશ્ય ઈલાચી સમક્ષ ખડું થઈ ગયું. આ આઘાત અને વેદનાની કોઇ સીમા ન રહી. એ વેદના રૂપી અગ્નિમાં તેના જન્મ જન્માંતરના પાપોનો ક્ષય થઇ ગયો.

મહાન રાગ પણ મોટા ભાગે મહાન ત્યાગની પૂર્વ ભૂમિકા રૂપે જ હોય છે. ઇલાચીના મનના અધ્યવસાયોમાં મહાન પરિવર્તન થયું. તેને ખાતરી થઇ ગઈ કે કામ શલ્ય રૂપ છે. કામ હલાહલ ઝેર છે. અને કામ સર્પના જેવો છે, તે વિચારવા લાગ્યો: 'કામ ઇંદ્રિયના વિષય રહિત હોવા છતાં, કામની અભિલાષાએ ગયા જન્મે અને આ જન્મમાં મારી કેવી પરિસ્થિતિ ઉભી કરી? વૃદ્ધ પિતાને રખડાવ્યાં. વૃદ્ધ માતાને રડાવી, સગાં-સ્નેહીઓ-મિત્રોને છોડયાં, ઘરબાર મૂકયાં, અને આ બધું જ માત્ર એક સ્ત્રી શરીર પ્રત્યેના આકર્ષણના કારણે! દોરડા ઉપર ઉભો ઉભો જ ઇલાચી બોલી ઉઠયો:

धिक तां च तं च मदनं च इमां च मां च

અર્થાત્ ધિક્ રુવા ધિક્ મુજને, ધિક્ કામ વિકારજી!

આ રીતે વિચારતાં વિચારતા આત્મિક વિશુદ્ધિના બળ બડે ઇલાચી ક્ષપકશ્રેણિ પર ચઢયો અને દોરડા પર જ તેને અનંત અને નિરાવણ-આવરણ રહિત--કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એજ મંડપમાં નિર્વાણિકાને પણ કેવળજ્ઞાન થયું અને દેવોએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી અને ગગનમાં વાંજિત્રો વાગી રહ્યાં

## ✻ લેખક મિત્રો—વાંચક ભાઈઓને નમ્ર નિવેદન ✻

જૈન ધર્મને લગતી વાર્તા–પ્રસંગો તથા આપણા જૈન તીર્થોને લગતી કથા આપના ધ્યાનમાં હોય તો પાનાની એક સાઈડમાં ચોખ્ખા હસ્તાક્ષરે લખી મોકલવા વિનંતી.

આપના તરફથી મળેલ વાર્તા–લેખો કે પ્રસંગો અમોને યોગ્ય લાગશે તો માસિકમાં પ્રગટ કરશું, આપે મોકલેલ લેખો પરત આપવામાં આવશે નહીં.

કોઈની વાર્તા તમારા નામે રજુ કરવાની આશા કે ભાવના ન રાખતા તમારા ધ્યાનમાં હોય તેવા જ પ્રસંગો લેખો, વાર્તા મોકલવા વિનંતી છે.

પત્ર વ્યવહારનું સરનામું :

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઇટ ભાવનગર ૩૬૪૦૦૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુનર્જન્મ

-: લેખક :-
રતિલાલ માણેકચંદ શાહ

શરીરથી આત્મા અલગ છે એમ જાણ્યા બાદ એ સમજવું આવશ્યક છે કે, આ આત્મા જો પુનર્જન્મ ન લેતો હોય તો અને તે દેહના નાશની સાથે જ નાશ પામતો હોય તો પછી તેને દુઃખથી મુક્ત કરવાની કોશિશ કરવી તે નિષ્ફળ છે. માટે આત્માની અસ્તિત્વની સાથે તેની અમરતા પણ સમજવી અત્યંત જરૂરી છે. તે અમરતા ત્યારે જ સંભવી શકે કે, જ્યારે આત્માનો પુનઃજન્મ થતો હોય કોઈ વ્યકિત મરણ પામી અગર તો પાછી થઈ આ શબ્દ કાને પડતાની સાથે જ આટલો નિર્ણય તો કરી શકાય છે કે જેની મહાન સત્તાથી આ શરીરમાં હલનચલન, સ્મરણાદિ અનેક ક્રિયાઓ ચાલુ હતી તે અટકી ગઈ. અને ઈંદ્રિયાદિકનો પ્રેરક આત્મા આ સ્થળેથી બીજા કોઇ સ્થળે ચાલ્યો ગયો છે. તે ક્યાં ગયો ? તે ભલે આપણે જાણી ન શકીએ કે ન દેખી શકીએ પણ તેને જ પુનર્જન્મ કહેવામાં આવે છે કેમકે તે કોઇ પણ સ્થળે ગયો છે. જે જગ્યાંએ તે ગયો છે, તે સ્થળ ભલે પછી ગમે તેવું હોય પણ એક જગ્યાએથી (દેહથી) સ્થળાંતર જવું તે પુનર્જન્મ (ફરી ઉત્પન્ન થવું તે) છે.

આટલું અવશ્ય સમજવું જોઇએ કે કોઇ પણ વસ્તુનો સર્વથાનાશ થતો નથી, પણ તેની અવસ્થા (પર્યાય) હાલત બદલાય છે. આ વાત નિઃશંક છે. માની લઇએ કે, એક લાકડું છે, તેને અગ્નિમાં જલાવી દીધું. તેથી તે કાકડાનો નાશ તો થયો, વિચારીશું તો તેનો સંપૂર્ણ નાશ થયો નથી કારણ કે તેની રાખ તો છે, એટલે કે રાખમાં તેનું રૂપાંતર થયું. પણ તેના પરમાણું તો કાયમ છે. તેનું રાખ પણે ઉત્પન્ન થવું તે તેનો પુનર્જન્મ છે. એવી જ રીતે આત્માનું એક શરીરને છોડી અન્ય દેહમાં ઉત્પન્ન થવું તે આત્માનો પુનર્જન્મ છે. એટલે કે, આત્માનો નાશ થતો નથી તેની પર્યાય બદલાય છે.

સુખ-દુઃખાદિ એ પૂર્વ ક્રિયાને આધારે આવિષ્કાર પામે છે. આ વાત સ્પષ્ટ સમજાય તેવી છે. માની લો કે, ગરમી સખ્ત લાગે છે, બહાર જવું છે તો પગમાં પગરખા પહેર્યા અને માથે છત્રી ધરી એટલે તાપ લાગતો મંદ પડયો. ગરમી ઓછી લાગવાથી જે આનંદ થયો. તે આનંદ બુટ અને છત્રી ઓઢવાથી થયો અથવા તો શહેરમાંથી ચાલી બહારના દહેરાશરે દર્શન કરવા આવ્યા. અહીંયા આવવા રૂપ ક્રિયા પહેલાના કાર્યને સૂચવે છે.

આ દષ્ટાંત પ્રમાણે આત્મા ગર્ભમાં આવ્યો તે કઇ ક્રિયાથી ? તેનો પ્રતિ ઉત્તર એ છે કે ગર્ભમાં આવ્યા પહેલાં કોઈ પણ અન્ય જગ્યાએ એ હતો. અહીં ગર્ભમાં આવ્યા પહેલા કાંઇ પણ ક્રિયા કરવી જોઇએ, તે ક્રિયા કરવાનો કાળ-સમય ગર્ભમાં આવ્યા પહેલાનો માનવો પડશે. અને તેથી એ નક્કી થાય છે કે આત્મા કોઇ પણ સ્થળેથી અહીં આવ્યો. તેજ તેનો પુનર્જન્મ અને તેજ આત્માની અમરતા.

આ જન્મ્યો, આ મૃત્યુ પામ્યો, આ આવ્યા તે ક્યાંથી ક્યાં ! અને તે ગયો ક્યાં ? આ વાત પુનર્જન્મની સૂચક છે. કાર્યકારણનો વિચાર કરતા, કારણ પહેલું અને કાર્ય પછી આ વાત સમજાય તેવી છે. તો આ માનવ દેહ રૂપ કારણ આ શરીરની ઉત્પત્તિ પહેલાં હોવું જ જોઈએ.

પ્રત્યેક સુખી કેમ નથી ? સર્વ દુઃખી શા માટે જણાતા નથી ? તેનું કાંઈક કારણ તો હોવું જ જોઈએ ને ? રાજા-રંક શા માટે બની જાય છે? તે રાજા શા માટે થયો ? સુખી-દુઃખી કેમ બની ગયો ? દુઃખી-સુખી શા માટે થઈ ગયો ? કોઈ અજ્ઞાની તો કોઇ જ્ઞાની શા માટે ? કોઈ તંદુરસ્ત તો કોઇ બિમાર શા માટે ? કોઇ શ્રીમંત તો કોઈ ગરીબ શા માટે ? કોઇ શેઠ તો કોઇ નોકર શા





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(પેજ નંબર ૧૦૮ નું ચાલુ)

માટે ! આ પ્રત્યેક બાબતનું કાંઈ પણ કારણ હોવું જોઈએ જ એકજ પરિવારમાં અને એકજ મા–બાપથી પેદા થયેલાં બાળકોમાં આટલું બધું પરિવર્તન શા માટે ? તેઓમાં વિપરીતતા કેમ જણાય છે ! આજ આત્માની અમરતા અને પુનર્જન્મના સિદ્ધાંત્તનો નક્કર પુરાવો છે. આથી એટલુ તો સ્પષ્ટ સમજાયું હશે કે આત્મા શરીરથી અલગ છે. અને તે મૂળ દ્રવ્યની અપેક્ષાએ અમર છે, નિત્ય છે અને પર્યાયની દૃષ્ટિએ અનિત્ય છે એટલે કે આત્મા નિત્યા નિત્ય છે. તે નિઃશંક હકીકત છે. તેમા શંકાને કોઈ સ્થાન જ નથી.

---

## સમાચાર

### વિદ્યાલયમાં પ્રવેશ અંગે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની મહારાષ્ટ્ર રાજ્યમાં મુંબઈ, અંધેરી અને પુના તેમજ ગુજરાત રાજ્યમાં અમદાવાદ, વડોદરા, વલ્લભવિદ્યાનગર અને ભાવનગરમાં એસ.એસ.સી. બાદ ઉચ્ચ અભ્યાસ માટે શાખા–વિદ્યાર્થીગૃહો છે, તેમાં નવા સત્રથી પ્રવેશ મેળવવા માટેના અરજી પત્રકો આપવાનું ચાલુ છે, શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીએ પાળવાના નિયમો અને ધારાધોરણ સાથેના અરજીપત્રકની કિંમત રૂ. ૨/– + ટપાલ ખર્ચ રૂ. ૦–૬૦ પૈસા છે. ટ્રસ્ટદાતા અને ભલામણ કરનારની સરનામા સહિતની અલગ નામાવલીની પુસ્તિકાની કિંમત રૂ. ૨/– + ટપાલ ખર્ચના રૂ. ૦–૬૦ પૈસા છે.

વિદ્યાલયની ઉપરોક્ત શાખામાંથી જે શાખામાં પ્રવેશ મેળવવો હોય તે જણાવી શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિમાર્ગ–મુંબઇ ૪૦૦૦૩૬એ સરનામે જરૂરી ટપાલ ટિકિટો અથવા જરૂરી રકમનું મનીઓર્ડર (પોસ્ટલ ઓર્ડર મોકલવા નહીં) કરી અરજી પત્રક મંગાવી લેવાનું વિદ્યાલયની અખબાર જોગી યાદીમાં જણાવવામાં આવ્યું છે. દરેક શાખા માટે અલગ અરજી પત્રક છે. એટલે કઇ શાખા માટે અરજીપત્રક જોઈએ છે તે જણાવવું જરૂરી છે તેમ આ યાદી ઉમેરે છે.)

---

સંસ્થાની બધી શાખાઓ માટેના અરજી પત્રકો મોડામાં મોડા તા. ૨૫ ૬–૧૯૯૦ સુધીમાં સંસ્થાના સરનામે પહોંચતા કરવાનું આ યાદી જણાવે છે.

મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિમાર્ગ, મુંબઇ ૪૦૦૦૩૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. No G. BV. 31

## કલિકુંડ તીર્થ–ધોળકામાં યોજનારું

# પત્રકારોનું પ્રથમ અધિવેશન

૧૫૦ વર્ષનો ઇતિહાસ ધરાવનાર, વર્તમાનમાં ૭ ભાષાઓમાં ૪૦૦ જેટલા પત્રો પ્રગટ કરનાર જૈન પત્રકારત્વ સમાજમાં જાગૃતિ આણવાનું તેમજ જૈન દર્શનના પ્રચાર/પ્રસારનું મહત્ત્વનું કાર્ય કરે છે. પત્રકારોની એકતા અને એમની સમસ્યા તેમજ પડકારો અને અન્ય પ્રાણપ્રશ્નો બાબત ચર્ચા વિચારણા અને યોગ્ય સંગઠનની રચના કરવા માટે આગામી ૧૫, ૧૬, ૧૭ જૂન–૧૯૯૦ એ પ્રચાર માધ્યમો સાથે સંકળાયેલા જૈનોનું એક વિશાળ અધિવેશન પ. પૂ. આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરિશ્વરજી મ. સા.ની પ્રેરણાથી અને નિશ્રામાં ધોળકામાં યોજાઈ રહ્યું છે.

અ. ભા. જૈન પત્રકાર પરિષદ (સૂચિત)ના નેજા હેઠળ યોજાનારા આ અધિવેશનને સફળ બનાવવા, અધિવેશનની સ્વાગત સમિતિના અધ્યક્ષ શ્રી ચિત્તરંજન ડી. શાહ (મુંબઈ), આયોજન સમિતિના અધ્યક્ષ શ્રી શ્રેયાંસ શાહ (અમદાવાદ) તેમજ અધિવેશન મુખ્ય સચિવ શ્રી કુમારપાળ વિ. શાહ (ધોળકા) અને અન્ય સભ્યો તરફથી એક સંયુક્ત અખબારી નિવેદનમાં જૈન સમાજનાં પ્રગટ થતા દરેક ભાષાનાં પત્રોના તંત્રીઓ, માલિકો, પ્રકાશકોને, પ્રચાર પ્રસારના અન્ય સર્વે માધ્યમો સાથે સંકળાયેલ જૈન વ્યક્તિઓને, પરમ આદરણીય મુનિ ભગવંતો અને પૂ. સાધ્વીજીઓને તેમજ જૈન સમાજની સર્વે સંસ્થાઓનાં પદાધિકારીઓ અને કાર્યકરોને સક્રિય થવા અપીલ કરી છે.

વિગત માટે શ્રી ગીતા જૈન (પ્રમુખ સંયોજિકા) ૧૨, હીરાભુવન, વી. પી. રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ–૪૦૦ ૦૮૦ નો પત્રથી સંપર્ક કરવો.

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only